GJMR030005012019

सत्यमेव जयते

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૧/૧૦/૨૦૧૯ |
| દાખલ તારીખ | ૦૧/૧૦/૨૦૧૯ |
| ફેસલ તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | – – |

## FORM -A

**માળીયા(મીં)નાં મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,**
**મુકામ : માળીયા–મીયાણા**
**(અર્જુનસિંહ)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,માળીયા–મીયાણા**
**(જીજે ૦૧૩૬૩)**
**ચુકાદાની તારીખ : ૧૬/૦૭/૨૦૨૬**

**ક્રિમીનલ કેસ નં.૪૭૬/૨૦૧૯**

| | |
|---|---|
| **ફરિયાદી** | ધ સ્ટેટ ઓફ ગુજરાત |
| **ફરિયાદ પક્ષે વકીલશ્રી** | એ.પી.પી.શ્રી. એમ.એલ.પંડયા |
| **આરોપી** | ધર્મારામ ગિરધારીરામ ચૌધરી<br>રહે.દેવગઢ, આગોલાઈ તા.શેરગઢ જી.જોધપુર, રાજસ્થાન. |
| **આરોપીઓ તરફે વકીલશ્રી** | એ.એમ.ગઢવી |

## FORM -B

| | |
|---|---|
| **બનાવ તારીખ** | ૦૬/૦૭/૨૦૧૯ |
| **એફ.આઈ.આર.તા.** | ૦૭/૦૭/૨૦૧૯ |
| **ચાર્જશીટ દાખલ તા.** | ૦૧/૧૦/૨૦૧૯ |
| **ચાર્જફ્રેમ કર્યા તા.** | ૦૧/૧૦/૨૦૧૯ (પ્લી લીધી) |
| **પુરાવો ચાલુ થયા તા.** | ૧૪/૧૧/૨૦૧૯ |
| **ચુકાદો અનામત રાખ્યા તા.** | ૧૬/૦૭/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | ૧૬/૦૭/૨૦૨૬ |

| **સજા કરી હોય તો સજા તારીખ** | ---- |
|---|---|

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર / નિર્દોષ | સજા | સી. આર. પી. સી. ની કલમ : ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધર્મારામ ગિરધારીરામ ચૌધરી | ૦૮/૦૭/૧૯ | ૦૮/૦૭/૧૯ | આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭,૩૩૮, ૪૨૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭ , ૧૮૪ મુજબ | નિર્દોષ | -- | -- |

**FORM-C**

**ફરિયાદ પક્ષે /** બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ

**એ./ફરિયાદ પક્ષે સાહેદ લીસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| પી.ડબલ્યુ.૧ /આંક :૦૫ | રહીમભાઈ મહમદભાઈ મોવર | ફરીયાદી |
| પી.ડબલ્યુ.૨ /આંક :૦૭ | નઝર મહમદ રહીમભાઈ મોવર | સાહેદ |
| પી.ડબલ્યુ.૩ /આંક :૦૮ | જેસંગભાઈ હાસમભાઈ મોવર | સાહેદ |
| પી.ડબલ્યુ.૪ /આંક:૦૯ | સારબાઈ જેસંગભાઈ મોવર | સાહેદ |
| પી.ડબલ્યુ.૫ /આંક :૧૫ | ડો.અંકીતા દલસુખભાઈ કાંજીયા | સાહેદ |
| પી.ડબલ્યુ.૬ /આંક :૨૩ | સાગર ગમઢા | સાહેદ |
| પી.ડબલ્યુ.૭/આંક :૨૬ | ડો.મયુર જાદવાણી | સાહેદ |
| પી.ડબલ્યુ.૮ /આંક :૩૫ | અકબરભાઈ બાવાભાઈ સંઘવાણી | પંચ |
| પી.ડબલ્યુ.૯ /આંક :૪૦ | દશરથભાઈ છગનભાઈ છાસીયા | ત.ક.અ. |

બી./બચાવ પક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

સી./ કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ પક્ષે દસ્તાવેજી લીસ્ટ :

**એ./ ફરિયાદ પક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરીયાદ |
| ૨. | ૧૩ | સ્થાનિક જગ્યાનુ પંચનામું |
| ૩. | ૧૬ થી ૨૨,<br>૨૪,૨૫,૨૭ | મેડીકલ સર્ટીફીકેટ |

બી./ બચાવ પક્ષે આંક :

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

સી./ કોર્ટ પક્ષે આંક :

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**તા.૧૬/૦૭/૨૦૨૬** **(અર્જુનસિંહ)**
**માળીયા મી** **પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ,માળીયા-મીયાણા**
**(જીજે ૦૧૩૬૩)**

DISTRICT & SESSIONS COURT, MORBI. * MORBI DISTRICT *

## –:: <u>ઠ રા વ</u> ::–

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ટ્રક ટ્રેઈલર રજી.નં.આર.જે.૧૯.જી.ઈ.૩૪૪૦ના ચાલકે પોતાના હવાલાવાળી ટ્રક ટ્રેઈલર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આગળ જતી રીક્ષા નં.જી.જે.૩૬.યુ.૯૪૧૪ વાળીને પાછળથી ભટકાડી ફરીયાદી તથા સાહેદો તથા પોતાને નાની મોટી ગંભીર ફ્રેકચર જેવી ઈજાઓ પહોચાડી તથા રીક્ષા તેમજ ટ્રકને નુકસાન કરી ગુન્હો કરેલ હોય, જે સદર આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ માળીયા મીયાણા પોલીસ સ્ટેશનમાં સદરહુ ગુનાની ફરીયાદ આપતા સદર ફરીયાદ માળીયા મીયાણા પોલીસ સ્ટેશનાં ગુના રજીસ્ટર નં. ૩૫/૨૦૧૯ થી આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮,૪૨૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ નોંધતા તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય મજકુર આરોપી સામે ધોરણસરની કાર્યવાહી થવા ફરીયાદ આપેલ તથા આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

**૨.** ત્યારબાદ સી.આર.પી.સી.,૧૯૭૩ ની કલમ : ૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામાં આવેલ. જેનાં અનુસંધાને આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ : ૨૦૭ અન્વયે આરોપીને તમામ પોલીસ કાગળોની નકલો ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ : ૧૬૧ તથા કલમ : ૧૭૩ મુજબનાં કાગળોની નકલો મળી ગયાની ખાતરી આંક–૦૧ નીચે કર્યા બાદ સદર આરોપીને સદર ગુના સબબ આંક–૦૩થી આરોપીની પ્લી

રેકર્ડ કરતાં જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩. આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં દસ્તાવેજી તેમજ મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. સદર પુરાવો જોતા આરોપીઓ સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ હોવાથી આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીઝર કોર્ડની કલમ : ૩૧ ૩ અન્વયે વિશેષ નિવેદન નોંધતા જેમાં આરોપીએ પોતાના વિરૂધ્ધના આક્ષેપોનો ઈન્કાર કરી પોતે કોઈ ગુનો કરેલ ન હોય અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

૪. ત્યારબાદ શ્રી સરકારપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા આરોપીપક્ષે

વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

૫. આ કામમાં અત્રેની કોર્ટના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: <u>મુ દ્દા ઓ</u> ::-**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના ટ્રક ટ્રેઈલર રજી.નં.આર.જે.૧૯.જી.ઈ.૩૪ ૪૦ના ચાલકે પોતાના હવાલાવાળી ટ્રક ટ્રેઈલર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આગળ જતી રીક્ષા નં.જી.જે.૩૬.યુ.૯૪૧૪ વાળીને પાછળથી ભટકાડી ફરીયાદી તથા સાહેદો તથા પોતાને નાની મોટી ગંભીર ફ્રેકચર જેવી ઈજાઓ પહોચાડી તથા રીક્ષા તેમજ

ટ્રકને નુકસાન કરી ગુન્હો કરેલ હોય, જે સદર આરોપી વિરૂઘ્ધ ફરીયાદીએ માળીયા મીયાણા પોલીસ સ્ટેશનમાં સદરહુ ગુનાની ફરીયાદ આપતા સદર ફરીયાદ માળીયા મીયાણા પોલીસ સ્ટેશનાં ગુના રજીસ્ટર નં. ૩૫/૨૦૧૯ થી આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮,૪૨૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧ ૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

**−:: <u>નિ ર્ણ યો</u> ::−**

**મુદ્દા નં.૧** નકારમાં.

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

૭. ઉપરોકત મુદ્દાઓનાં અત્રેની કોર્ટ ના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**−:: <u>કા ર ણો</u> ::−**

**<u>મુદ્દા નંબર ૧ અને ૨ અંગે</u> :−**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનું પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૭.૧. ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત સાબીત કરવા માટે આંક−૦૫ થી ફરીયાદી રહીમભાઈ મહમદભાઈ મોવરનાઓને તપાસવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ૫−૬ મહીના અગાઉ બનેલો. તે દીવસે હુ તથા કરીમ હાજી નોતીયાર

ઘરેથી હટાણુ કરવા માળીયા જવા નીકળેલા અને અમે શહેનશાવલી પાટીયા ના હાઇ–વે પરથી એક રીક્ષામા બેસેલા અને થોડે આગળ રીક્ષા હાઇ–વે ઉપર ચડતા એક કચ્છ બાજુથી આવતી ટ્રકે અમારી રીક્ષાને ટકકર મારેલ અને ટકકર લાગતા હુ બેભાન થઇ ગયેલો અને મને સરકારી હોસ્પીટલ મોરબી ખાતે લઇ ગયેલા. મને જમણા હાથે અને જમણા પગના ઢીચણમા ઇજા થયેલ.મારી સાથેના કરીમ હાજીને પણ પીઠના ભાગમા ઇજાઓ થયેલી અને સરકારી હોસ્પીટલ મોરબી ખાતે દાખલ કરેલ.રીક્ષા કે ટ્રકના નંબર ની મને ખબર નથી કે તેના ડ્રાઇવર કોણ હતો તેની મને ખબર નથી.અકસ્માતનુ કારણ અમારી રીક્ષાને ટ્રક વાળએ પાછળથી ઠોકર મારતા થયેલ છે. પોલીસ મોરબી સરકારી દવાખાને મારી ફરીયાદ લેવા આવેલ. મને આજરોજ ફરીયાદ બતાવવામા આવે છે જે જોઇને કહુ છુ કે તેમા મારૂ ફરીયાદી તરીકેના અંગુઠાનુ નિશાન છે જે હુ ઓળખુ છુ. ફરીયાદને રજુ દાખલ આંક–૬ આપવામા આવે છે.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યા નેશનલ હાઈ–વે છે અને ઘણા બધા વાહનોની અવર જવર રહે છે, બનાવ પછી હુ કયારેય પોલીસ સ્ટેશન ગયેલ નથી, રીક્ષા પલ્ટી ખાઈ જતા મને વાગેલ છે.

**૭.૨** ફરીયાદપક્ષે આંક–૦૭ થી સાહેદ નઝર મહમદ રહીમભાઈ મોવરનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ત્રણેક મહીના અગાઉ બનેલો. તે દીવસે હુ ભગડીયા વિસ્તારથી નીકળી માળીયા મુકામે મારી રીક્ષા લઇને આવતો હતો અને રસ્તામા રહીમ તથા કરીમ મારી રીક્ષામા માળીયા આવવા માટે બેસેલા.ત્યારે શહેનશાવલીના ઢાળીયા પાસે હુ મારી રીક્ષા ચલાવતો હતો ત્યારે કચ્છ તરફથી આવતી એક ટ્રકે મારી રીક્ષાને પાછળના ભાગે ટકકર મારેલ જેથી મારી રીક્ષા એક બાજુ નમી

ગયેલ અને હુ બીજી તરફ બેહોશ થઈને પડી ગયેલ અને બીજા ત્રણ જણાને પણ ઈજા થયેલી. ત્યારબાદ મને ક્રિષ્ના હોસ્પીટલ, મોરબી ખાતે સારવાર માટે લઈ ગયેલ. મને પગમા ઈજા થયેલી તથા મારા કાકાના છોકરા જેસંગભાઈને માથામા ઈજા થતા કોમામા જતો રહેલ તથા રહીમભાઈને ઈજા થયેલ. મારા કાકાના દીકરા જેસં ગને વધુ સારવાર માટે મોરબી થી રાજકોટ ગોકુલ હોસ્પીટલમા લઈ ગયેલ અને તે ૮ દીવસ કોમામા રહેલ અને ૧૫ દીવસ સુધી સારવાર લીધેલી.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ રીક્ષા મારા કાકાના છોકરાના નામે છે અને હુ રીક્ષા ચલાવતો હતો, મારી પાસે લાઈસન્સ છે તથા પેસેન્જર બેઈઝ મારી પાસે નથી,રીક્ષાનો વીમો ભરેલ હતો, રીક્ષાના કાગળો અમે પોલીસને આપેલ છે, બનાવવાળી જગ્યા નેશનલ હાઈ–વે છે અને સામાસામા વાહનો સહેલાઈથી પસાર થઈ શકે તેવો રોડ છે, રીક્ષા પલ્ટી ખાઈ જતા અમને વાગેલ છે,અમે કલેઈમ કરેલ છે, ટ્રકના ડ્રાઈવરને હુ ઓળખતો નથી,બનાવ બાદ ૨૦–૨૫ દીવસ પછી હુ નિવેદન દેવા ગયેલો.

**૭.૩** ફરીયાદપક્ષે આંક–૦૮ થી સાહેદ જેસંગભાઈ હાસમભાઈ મોવરનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ૨–૩ મહીના અગાઉ બનેલો. તે દીવસે હુ તથા નઝશભાઈ ઘરેથી મારી રીક્ષમા હટાણુ કરવા માટે માળીયા જવા નીકળેલા અને રસ્તામા રહીમ તથા કરીમ મારી રીક્ષામા માળીયા આવવા માટે બેસેલા ત્યારે શહેનશાવલીના ઢાળીયા પાસે નઝર રીક્ષા ચલાવતો હતો અને અમે પાછળ બેસેલ હતા ત્યારે કચ્છ તરફથી

આવતી એક ટ્રકે રીક્ષાને પાછળના ભાગે ટકકર મારેલ જેથી હુ બેભાન થઈ ગયેલ અને બીજા ત્રણજણાને પણ ઈજા થયેલી ત્યારબાદ મને ક્રિષ્ના હોસ્પીટલ મોરબી ખાતે સારવાર માટે લઈ ગયેલ. મને માથામા ઈજા થયેલી અને હુ કોમામા જતો રહેલ. મને મોરબી થી રાજકોટ ગોકુલ હોસ્પીટલ મા સારવાર માટે લઈ ગયેલ અને ૮ દીવસ કોમામા રહેલ અને દસેક દીવસ સુધી દવાખાનામા સારવાર લીધેલી.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ કેવી રીતે બનેલ તે હું કહી શકું નહીં.

૭.૪ ફરીયાદપક્ષે આંક–૦૯ થી સાહેદ સારબાઈ જેસંગભાઈ મોવરનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ૩–૪ મહીના અગાઉ બનેલો તે દીવસે હુ મારા ઘેર હતી ત્યારે નઝરભાઈનો મને ફોન આવેલ અને જણાવેલ કે અકસ્માત થયેલ છે. એ સિવાય હુ કાંઈ જાણતી નથી.સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય ફરી ગયેલ જાહેર કરવામા આવે છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતા તેઓએ ફરીયાદપક્ષને મદદકારક કોઈ હકીકત જણાવેલ નથી. ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી.

૭.૫ ફરીયાદપક્ષે આંક–૧૫ થી સાહેદ ડો.અંકીતા દલસુખભાઈ કાં જીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ જણાવેલ છે કે, હાલ હુ શારદા હોસ્પિટલ મજુરાગેટ, સુરત મુકામે રેસીડેન્સીયલ ડોક્ટર ગાયનેક વિભાગ મા ફરજ બજાવુ છુ. હુ ગઈ સને ૨૦૧૯ ની સાલમા મોરબી સીવીલ હોસ્પીટલમા મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી. આ સમયગાળા દરમ્યાન તારીખ ૦૬/૦૭/૨૦૧૯ ના રોજ

સવાર ના સાડા દશ વાગ્યે રહીમભાઈ મહમદભાઈ મોવર સારવાર માટે આવેલ તેઓને તેમની સાથેના રવાભાઈ ઈબ્રાહીમભાઈ લાવેલ. મજકુરને બનાવ સબંધે પુછતા તેઓએ જણાવેલ કે તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ સવારે નવ વાગ્યાની આસપાસ માળીયા શહેનશાહ વલીના પાટીયા પાસે રીક્ષામા જતતા હતા ત્યારે સામેના ટ્રેઈલર સાથે અથડાતા સારવાર માટે આવેલ છે. ત્યારબાદ મે તેઓની શારીરીક તપાસણી કરેલ. તપાસણી કરતા મને માલુમ પડેલ કે તેમના શરીરના જમણા ખંભા પર એક સેન્ટીમીટર જેટલી ઈજા જણાચેલ તથા તેમના પીઠના ભાગ ૨ સે.મી. પહોળાઈ તથા ૧ સે.મી. લંબાઈ જેટલી ઈજા જણાચેલ. તથા તેમના જમણા હાથ પર ૪ સે.મી. જેટલી ઈજા જણાચેલ તથા તેમના જમણા પગના ઘુંટણ પર ૨ સે.મી. જેટલી ઈજા જણાચેલ. ઈજા પામનાર સભાન હતા. મે દર્દીને અમારી હોસ્પીટલમા સારવાર માટે દાખલ કરેલ અને તેમને જમણા ખંભામા ઈજા હોય રેડીયોલોજી વિભાગમા એક્ષ-રે કઢાવવા માટે મોકલેલ અને સારવાને અનુરૂપ મેડીશીન તથા ઈન્જેકશન આપેલા.આજરોજ હુ મારી સાથે મજકુર પેસન્ટને અમારી હોસ્પિટલમા સારવાર માટે લાવેલ તે માટેનુ કેશ પેપર અસલ સાથે લાવેલ છુ જેને રજુ દાખલ આંક.-૧૬ આપવામા આવે છે તથા ત્યારબાદ ઈન્ડોર પેસન્ટ તરીકે તેની સારવાર કરેલ તે મતલબનુ ઈન્ડોર પેપર અસલ સાથે લાવેલ છુ. જેમા દાખલ કરનાર તરીકે મારૂ નામ છે જેને રજુ દાખલ આંક-.૧૭ આપવામા આવે છે ત્યારબાદ પેસન્ટને રેડીયોલોજી વિભાગ તરફથી મળેલ રીપોર્ટીંગ લેટર અસલ હુ સાથે લાવેલ છુ જેને રજુ દાખલ આંક-૧૮ આપવામા આવે છે તથા પેસન્ટ રહીમ મહમદભાઈ ના રેડીયોલોજી વિભાગમા પાડવામા આવેલ અસલ એક્ષ-રે આજરોજ સાથે લાવેલ છુ જેને રજુ દાખલ આંક-૧૯ આપવામા આવે છે.આ રહીમભાઈ મહમદભાઈ મોવર સારવાર સાથે કરીમભાઈ હાજીભાઈ મોવર પણ સારવાર માટે આવેલ તેઓને તેમની સાથેના રવાભાઈ ઈબ્રાહીમભાઈ લાવેલ. મજકુરને

બનાવ સબંધે પુછતા તેઓએ જણાવેલ કે તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ સવારે નવ વાગ્યાની આસપાસ માળીયા શહેનશાહ વલીના પાટીયા પાસે રીક્ષામા જતતા હતા ત્યારે સામેના ટ્રેઈલર સાથે અથડાતા સારવાર માટે આવેલ છે. ત્યારબાદ મે તેઓની શારીરીક તપાસણી કરેલ. તપાસણી કરતા તેઓએ અમોને જણાવેલ કે પીઠના ભાગે દુખાવો થાય છે જેથી અમોએ તપાસણી કરતા માલુમ પડેલ કે તેમના પીઠના ભાગે તથા બંને ખંભાના ભાગે દુખાવો થતો હતો. ઈજા પામનાર સભાન હતા. મે દર્દીને અમારી હોસ્પીટલમા સારવાર માટે દાખલ કરેલ અને તેમને જમણા ખંભામા ઈજા હોય રેડીયોલોજી વિભાગમા એક્ષ–રે કઢાવવા માટે મોકલેલ અને સારવાને અનુરૂપ મેડીશીન તથા ઈન્જેકશન આપેલા.આજરોજ હુ મારી સાથે મજકુર પેસન્ટને અમારી હોસ્પિટલમા સારવાર માટે લાવેલ તે માટેનુ કેશ પેપર અસલ સાથે લાવેલ છુ જેને રજુ દાખલ આંક–૨૦ આપવામા આવે છે તથા ત્યારબાદ ઈન્ડોર પેસન્ટ તરીકે તેની સારવાર કરેલ તે મતલબનુ ઈન્ડોર પેપર અસલ સાથે લાવેલ છુ. જેમા દાખલ કરનાર તરીકે મારૂ નામ છે જેને રજુ દાખલ આંક–૨૧ આપવામા આવે છે ત્યારબાદ પેસન્ટને રેડીયોલોજી વિભાગ તરફથી મળેલ રીપોર્ટીંગ લેટર અસલ હુ સાથે લાવેલ છુ જેને રજુ દાખલ આંક–૨૨ આપવામા આવે છે. ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સરકારી હોસ્પીટલમાં ઘણા બધા સ્ત્રી અને પુરુષો સારવાર માટે આવતા હોય છે, અમારી પાસ ` જે પણ દર્દીઓ આવે તેમની હીસ્ટ્રી લેવામા આવે છે, આ કામમા ઈજા પામનાર પોતાની હીસ્ટ્રીમા ઈજા કરનારના નામ જણાવેલ નથી, ઈજા પામનારને જે પ્રકારની ઈજા થયેલ છે તેવી ઈજાઓ કોઈ વ્યકિત પડી જાય તો થઈ શકે છે.

**૭.૬** ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ સાગર ગમઢાનાઓને તપાસવામાં

આવેલ છે તેઓએ જણાવેલ છે કે, તા.૬/૭/૨૦૧૯ ના રોજ અમો ક્રિષ્ના હોસ્પીટલ મોરબી મધ્યે ઈમરજન્સી વોર્ડમા ઓર્થોપેડીક સર્જન તરીકે ફરજ બજાવતા હતા આ દીવસે સવારના કલાક ૯.૫૦ વાગે જેસંગભાઈ હસમતઅલી મોવર રહે. વાંઢ વિસ્તાર માળીયા વાળાને અમારા ઈમરજન્સી વિભાગમા લાવવામા આવેલ જેમની અર્ધભાન અવસ્થામા આવેલ હતા તથા માથાના ભાગથી લોહી નીકળેલ હતુ તથા માથાના ઉપરના ભાગમા ઘા પણ હતો. જેમની અં દાજીત સાઈઝ ૫ સેમી જેટલી હતી. તથા નાકમાથી અને કાનમાથી લોહી નીકળતુ હતુ જેમનો પ્રાથમિક સારવાર આપી મગજનો સીટી સ્કેન કરાવતા માલુમ પડેલ કે હેમરેજ આવે છે. તથા તેમને માથાના ભાગ પર ફ્રેકચર પણ થઈ ગયેલ હતુ જેથી પ્ર ાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ મોકલેલ આજ રોજ અમો અમારી સાથે એમએલસી સટીર્ફીકેટ જેસંગભાઈ હસમતઅલી મોવર વાળઓ તા.૧૯/૭/૨૦૧૯ વાળુ આપવામા આવે છે મારા સ્વ હસ્તાક્ષરમા લખાયેલ છે જેમા મારી સહી છે જેને રજુ દાખલ આંક–૨૪ આપવામા આવે છે તથા સારવાર માટે આવેલ તેના કાગળ છે તથા જેસંગભાઈ હસમતઅલી મોવરના સીધ્ધી સીટી સ્કેન ઈમેજીગ સેન્ટરના સીટી સ્કેન રીપોર્ટ તા.૬/૭/૨૦૧૯ વાળો મારી સાથે લાવેલ છે. જેને રજુ દાખલ આં ક–૨૫ આપવામા આવે છે. ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ કામમા મે ફરીયાદીની હીસ્ટ્રી લીધેલ નથી પરંતુ ફરીયાદીની સાથે આવેલ વ્યકિત મુસ્તાક આદમભાઈએ મને હીસ્ટ્રી કહેલ, તેઓએ જણાવેલ હીસ્ટ્રીમા વાહન નં

બર, ડ્રાઈવરનુ નામ જણાવેલ નથી. વાહન ચાલતુ હોય ત્યારે કોઈ ઈસમ વાહન પરથી પડી જાય તો આવા પ્રકારની ઈજા થાય છે કે નહી કે બંધ વાહન પરથી પડી જવાથી.

**૭.૭** ફરીયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ ડો.મયુર જાદવાણી નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ જણાવેલ છે કે, તા.૬/૭/૨૦૧૯ નારોજ અમો ક્રિષ્ના હોસ્પીટલ મોરબી મધ્યે ઈમરજન્સી વોર્ડમા જનરલ સર્જન તરીકે ફરજ બજાવતા હતા આ દીવસે સવારના કલાક ૧૧.૩૫ વાગે ધર્મારામ ગીરધરરામ જાટ રહે.જોધપુર રાજસ્થાન વાળાને અમારા ઈમરજન્સી વિભાગમા લાવવામા આવેલ જેમને અર્ધભાન અવસ્થામા તગારામ મહેરામભાઈ ધ્વારા લાવવામા આવેલ હતા તથા ડાબી બાજુ માથાના ભાગથી લોહી નીકળેલ હતુ તથા માથાના ઉપરના ભાગમા ઘા પણ હતો. જેમની અંદાજીત સાઈઝ ૩થી ૪ સેમી જેટલી હતી.જેમના માટે મગજનો સીટી સ્કેન કરવામા આવેલ જે નોર્મલ હતો. જેથી માથાના ભાગમા લાગેલ ઘા ઉપર ટાંકા લઈને દવા આપીને તેમને ડીસ્ચાર્જ કરવામા આવેલ આજરોજ અમો અમારી સાથે એમએલસી સટીર્ફીકેટ ધર્મારામ ગીરધરરામ જાટવાળાઓ તા.૧ ૬/૭/૨૦૧૯ વાળુ આપવામા આવે મારા સ્વ હસ્તાક્ષરમા લખાયેલ છે જેમા મારી સહી છે. જેને રજુ દા.આંક–૨૭ આપવામા આવે છે. ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ કામમા મે ફરીયાદીની હીસ્ટ્રી લીધેલ નથી પરંતુ ફરીયાદીની સાથે આવેલ વ્યકિત મુસ્તાક આદમભાઈએ મને હીસ્ટ્રી કહેલ, તેઓએ જણાવેલ હીસ્ટ્રીમા વાહન નંબર, ડ્રાઈવરનુ નામ

જણાવેલ નથી. વાહન ચાલતુ હોય ત્યારે કોઈ ઈસમ વાહન પરથી પડી જાય તો આવા પ્રકારની ઈજા થાય છે કે નહી કે બંધ વાહન પરથી પડી જવાથી.

૭.૮ ફરીયાદપક્ષે આંક–૩૫ થી પંચ અકબરભાઈ બાવાભાઈ સંઘવાણીનાઓએ પોતાની સોગંધ ઉપરની જુબાનીમાં પોતાની સરતપાસમાં એવું જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર કાગળમાં સહીઓ લીધેલ. જેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૩ થી પંચનામું રજુ રાખેલ છે.

પંચ પોતાની સરતપાસમાં ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ નથી જેથી પંચને હોસ્ટાઈલ જાહેર કરી વિ એ પી પી શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ તેમ છતાં પંચે પોતાના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી.ઉલટતપાસમાં એવી હકકીત જણાવેલ છે કે, તૈયાર પંચનામામાં પોલીસે મને સહી કરવાનું કહેતા મેં સહી કરેલી.

૭.૯ ફરીયાદપક્ષે આંક–૪૦થી ત.ક.અ. દશરથભાઈ છગનભાઈ છાસીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ જણાવેલ છે કે,સને ૨૦૧૯ મા હુ માળીયા મી પો.સ્ટે મા પો હેડ કોન્સ તરીકે મારી ફરજ બજાવતો હતો ત્યારે તારીખ ૭ – ૭ –૨૦૧૯ ના રોજ રહીમ મોહમદ મોવર નાઓએ અમારી રૂબરૂ ફરીયાદ જાહેર કરેલ છે ગઈ તારીખ ૬–૬ –૨૦૧૯ ના સવારના તેઓ તથા કરીમ હાજી તથા અન્ય રીક્ષા લઈને માળીયા આવી રહયા હતા ત્યાશે સહેનશા

વલીના પાટીયા પાસે એક ટ્રક ચાલકે પોતાના હવાલાવાળુ ટ્રક પુરઝડપે અને બેદરકારી થી ચલાવી રીક્ષામા બેઠેલ તમામ ને નાની મોટી ઈજા કરેલ હોય તે સબબ ની ફરીયાદ જાહેર કરેલ. આજરોજ મને નામ કોર્ટ ના રેકર્ડમાથી આક ૬ વાળી અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા ફરીયાદી રહીમ મોહમદ મોવર ના। અંગુઠાનુ નીશાન છે અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર ફરીયાદ પીએસ ઓ ને સુપરત કરતા તેઓએ એફ આઈ આર રજીસ્ટર મા નોધવામા આવેલ જેને એફઆઈઆર નંબર ફસ્ટ /૩૫/૨૦૧૯ તારીખ ૭ –૭–૨૦૧૯ કલમ આઈ પીસી કલમ ૨૭૯ ૩૩૭ ૩૩૮ ૪૨૭ તથા એમ વી એકટ કલમ ૧૭૭ ૧૮૪ મુજબ નોધવામા આવેલ. સદર ગુનાના કામની તપાસ પી એસ ઓ તરફથી અમને સુપરત કરતા અમોએ સંભાળેલ. તા.૮–૭–૨૦૧૯ ના બે તટસ્થ પંચો અકબર બાવા સંઘવાણી તથા નામોરી હબીબી સામતાણી ની રૂબરૂ મા પંચો ના લખાવ્યા મુજબનુ પંચનામુ અમારી રૂબરૂ મા લખેલ. આજરોજમને નામ કોર્ટ ના રેકર્ડ માથી આંક ૧૩ વાળુ અસલ પંચનામુ બતાવવામા આવે છે તેમા મારી તથા પંચોની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. આ કામે અમોએ ઈજા પામનાર તથા લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ. ઈજા પામનાર મુસાફરોના સારવાર લીધેલ સબંધીત સારવાર સર્ટી તપાસ ના કામે સામેલ રાખેલ. અકસ્માત કરનાર વાહનોના આરટીઓ કચેરી ના આધારો તથા સંલગ્ન તથા અન્ય કાગળો તપાસના કામે સોમલ રાખેલ. આ કામે મજકુર આરોપી વીરૂધ્ધ ફરીયાદી ના વર્ણવ્યા મુજબનુ તથા અમારી તપાસ મા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો

હોય મજકુર આરોપી વિરૂધ્ધ આરોપી વિરૂધ્ધ નામ. કોર્ટ મા ચાર્જશીટ કરેલ. આરોપી ને જોઈ ઓળખી શકુ.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે સાક્ષીના લખાવ્યા મુજબનુ કોઈ નીવેદન નોધેલ નથી, તટસ્થ સાહેદોના કોઈ નીવેદન નોધેલ નથી.

૮. ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો,આ કામના ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.જેથી ફરીયાદ રેકર્ડ સાબીત થતી નથી. વધુમાં,ફરીયાદી તથા સાહેદો ધ્વારા અકસ્માત ટ્રકના ડ્રાઈવરની બેદરકારીથી થયેલ હોય તે બાબતે લેશમાત્ર પુરાવો આપેલ નથી અને આ ડ્રાઈવર કોણ હતા અને કોની બેદરકારીથી અકસ્માત થયેલ તે બાબતે લેશમાત્ર પુરાવો આપેલ નથી.

હાલના કામે તપાસવામા આવેલ સાહેદો ધ્વારા અકસ્માત થયાનો પુરાવો આપેલ છે પરંતુ અકસ્માત આરોપીની બેદરકારીના કારણે થયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. વધુમાં, સદર સાહેદની અટક બનાવ સ્થળે થી કરેલ હોય તેવો પણ પુરાવો હાલના કામે આવેલ નથી. વધુમાં, સદર સાહેદ ધ્વારા પણ આરોપીના બેદરકારી ના કારણે અકસ્કમાત થયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ તમામ સાહેદોની જુબાની જોવામાં આવે તો તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદમાં જણાવ્યા મુજબ અકસ્માત થયેલ હોય અને તે અકસ્માતમા ઈજા થયેલ હોય

તે હકીકત પુરવાર થાય છે પરંતુ કોઈ પણ સાહેદોની જુબાનીથી એ હકીકત રેકર્ડ પર આવતી નથી કે હાલના કામનાં આરોપી ધ્વારા અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતાં હોય અને તેઓનાં બેદરકારી ભર્યા તથા ગફલતભરી રીતે વાહન ચલાવવાનાં કારણે હાલના કામનો અકસ્માત થયેલ હોય. આમ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીની ઓળખ, વાહનની ઝડપ, બેદરકારી તેમજ આરોપી ધ્વારા સરીયામ રસ્તા ઉપર બેકાળજીથી માણસોની જીંદગી જોખમમાં મુકાય તેવી હકીકત શંકા રહિત સાબિત કરવામાં ફરીયાદક્ષ નિષ્ફળ ગયેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

આ કામે આરોપી સામે એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર કલમ–૧૮૪ અન્વયે એમ.વી.એકટ કલમ ૨૦૯ દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણની આદેશાત્મક જોગવાઈનું જયારે પાલન થયેલ હોય ત્યારે જ કલમ–૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલનાં કેસમાં કલમ–૨૦૯ ની આદેશાત્મક જોગવાઈનુ પાલન થયેલ ન હોય જેથી સદર કલમનો લાભ આરોપીને મળવાપાત્ર હોય આરોપીને સદર કલમ–૧૮૪ મુજબનાં ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આમ, કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે. જયારે આરોપીએ પોતાના બચાવ પ્રી–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી નાં સિધ્ધાંત સુધી જ પુરવાર કરવાનું હોય છે. જે આરોપીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે. જયારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શં

કપણે પુરવાર કરેલ નથી. આ બધી જ હકીકતોને ધ્યાને લેતા શંકા ગમે તેટલી પ્રબળ હોય તો પણ તે પુરાવાનું સ્થાન લેતી નથી. આ કામે ગુન્હાઓ પુરવાર કરવા ઉપર જણાવ્યા મુજબના કાયદેસરના તત્વો ધ્યાનમા લેતા તથા સમગ્ર પુરાવો અને રેકર્ડ ધ્યાને લેતા, ક્રિ.પ્ર ો.કોડના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ કોઈપણ જાતની શંકાથી પર સાબીત કરવાનો હોય છે. આમ, આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની ધ્યાને લેવામાં આવે તો ફરીયાદમાં જણાવેલ અકસ્માતનો બનાવ બનેલની હકીકત ફલિત થાય છે પરંતુ કોઈપણ સાહેદોની જુબાની પરથી એ હકીકત ફલિત થતી નથી કે અકસ્માત આ કામના આરોપી ધ્વારા પોતાના કબજાનું વાહન જાહેર રસ્તા પર ચલાવતા હોય અને તે વાહન ચલાવવાનું કૃત્ય બેફામ અને બેદરકારી ભર્યુ હતું અને આવા બેફામ અને બેદરકારી ભર્યા વાહન ચલાવવાનાં લીધે વ્યકિત કે વ્યકિતઓ જોખમમાં મુકાય વ્યથા કે હાની થાય તેવો સંભવ હતો. તે મુજબનું ચલાવી આરોપી એ ઉપરોકત જણાવેલ અકસ્માત કરેલ હોય તેવી હકીકતને કોઈપણ સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતાં,આરોપી દવારા બેફામ અને બેદરકારી પુર્વક પોતાના કબ્જાનુ વાહન ચલાવતાં હોય તેનાં કારણે અકસ્માત થયેલ હોય અને આરોપીની ભુલ થી ઈજા થયેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર થતુ નથી. આમ,આરોપીને યોગ્ય શંકાનો લાભ મળવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું નમ્ર માનવુ છે. જેથી હાલના કેસના નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧નો નિર્ણય 'નકારમાં' ઠેરવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## : : <u>આખરી હુકમ</u> : :

**૧.** આ કામના આરોપી ધર્મારામ ગિરધારીરામ ચૌધરી રહે.દેવગઢ, આગોલાઈ તા.શેરગઢ જી.જોધપુર, રાજસ્થાન.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે તેમની સામેના ભારતીય ફોજદારી ધારાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,૪૨૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓના અગાઉના જામીન તથા જાતમુચરકા ક્રિમીનલ પ્રોસીઝર કોર્ડની કલમ : ૪૩૭(એ) અન્વયે છ માસની સમય મર્યાદા પુરી થયેથી રદ ગણવા.

હુકમ આજરોજ તારીખ : **૧૬,** માંહે : જુલાઈ, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તા.૧૬/૦૭/૨૦૨૬** **(અર્જુનસિંહ)**
**માળીયા મી** **પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,માળીયા–મીયાણા**
**(જીજે ૦૧૩૬૩)**

*R.A.KARELIYA*

*Steno.*